GJVD030015412017

| | |
|---|---|
| દાખલ તારીખ | :– ૧૫/૦૭/૨૦૧૭. |
| રજીસ્ટર કર્યા તારીખ | :– ૧૫/૦૭/૨૦૧૭. |
| ફેંસલ તારીખ | :– ૨૦/૦૬/૨૦૨૬. |
| સમયગાળા | :– ૦૫ / ૧૧ / ૦૮<br>દિવસ/માસ/વર્ષ |

---

:: મહે. કરજણના અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની અદાલતમાં :

---

ગુ. મુ. નં. : ૧૩૦૧/૨૦૧૭.
આંક :–

---

ફરીયાદી :– શ્રી સ ર કા ર.

વિરૂધ્ધ.

આરોપી :– મહેશ કુમાર રમણલાલ શાહ,ઉ.વ. ૬૧.
રહે. ૧૪,શાંતિનાથ સોસાયટી,નવા બજાર,
કરજણ,તા.કરજણ,જિ.વડોદરા.

---

ગુનો :– ભારતીય દંડ સંહિતાની કલમ : ૩૮૯,૩૮૪,૫૦૬(૨) મુજબ.

---

ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી. :– જે. જી. મલેક.
આરોપી તરફે વિ. વ. શ્રી :– એ. પી. ભટ્ટ.

---

## // જજમેન્ટ //

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૦૧/૦૧/૨૦૧૩ ના રોજ કલાક ૧.૦૦ થી તા.૨૨/૦૨/૨૦૧૭ ના કલાક ૨૩.૫૦ દરમ્યાન મોજે: કરજણ, નવા બજાર ટાઉન ખાતે ફરીયાદી શ્રીજી ક્રેકર્સ ફટાકડાની દુકાન ચલાવતા હોય જે ઓથા હેઠળ આરોપીએ ફરીયાદીને ખોટી રીતે ફસાવવા માટે અરજીઓ કરેલ જેની પતાવટ કરવી હોય તો તે પેટે ફરીયાદી પાસેથી રૂા.૫૫,૦૦૦/– બળજબરીથી કઢાવી લઈ તેમજ આરોપી વિરૂધ્ધ તડીપારની દરખાસ્ત થયેલ હોય અને આરોપીએ આર.ટી.આઈ.ની નકલો મેળવતા ફરીયાદીની કરેલ અરજીના કારણે તડીપાર થયેલ છે તેવો વહેમ રાખી ચાર લાખનો ખર્ચ થયેલ છે તે આપી દે તેમ કહી આરોપીએ ફરીયાદીને જાનથી મારી નાંખવાની તેમજ આતંકવાદી પ્રવૃતિમાં ફસાવી દેવાની ધમકીઓ આપી ગુનો કરેલ હોય, તે અંગેની ફરીયાદ, ફરીયાદીએ કરજણ પોલીસ સ્ટેશનમાં નોંધવાતા પોલીસે ગુનાની તપાસના અંતે આ કામના આરોપીઓ વિરૂધ્ધ અત્રેની અદાલતમાં ઈન્સાફી કાર્યવાહી કરવા સારુ ગુનાનુ ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) આ કામે આરોપીને સમન્સની બજવણી થતાં તેઓ કોર્ટમાં હાજર થયેલ છે અને ત્યારબાદ આરોપીને ફોજદારી કાર્યવાહી ધારો,૧૯૭૩ ની કલમ : ૨૦૭ મુજબ વિના મુલ્યે પોલીસ પેપર્સની ચાર્જશીટ સહિત નકલો આપવામાં આવેલી છે. ત્યારબાદ આ કામના આરોપી સામે આંક:૦૪ થી તહોતમનામુ ફરમાવતા તે તેઓને વાંચી સંભળાવી સમજાવતા આંક:૦૫ થી જવાબ લેવામાં આવતાં તેઓએ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરેલ અને કેસની કાર્યવાહી આગળ ચલાવામાં આવેલ છે ત્યારબાદ આરોપી સામેનો આક્ષેપીત ગુનો પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો નીચે મુજબ નોંધવામાં આવેલ છે.

**મૌખિક પુરાવો (સોગંધ ઉપર જુબાની) :–**

| ક્રમ | સાહેદનો પ્રકાર | સાહેદનુ નામ | આંક |
|---|---|---|---|
| ૧. | પંચ સાહેદ | ધીરજભાઈ મથુરભાઈની જુબાની | ૦૬ |
| ૨. | ફરીયાદી | ભીખાભાઈ બલદેવભાઈની જુબાની | ૦૮ |
| ૩. | સાહેદ | ભરતભાઈ ઈશ્વરભાઈની જુબાની | ૨૨ |
| ૪. | સાહેદ | હસુમખભાઈ ચીમનભાઈની જુબાની | ૩૫ |
| ૫. | સાહેદ એએસઆઈ | જીતેન્દ્રભાઈ પરષોતમની જુબાની | ૩૭ |
| ૬. | સાહેદ | મનીષભાઈ ચતુરભાઈની જુબાની | ૭૭ |
| ૭. | સાહેદ | અબ્દેમુનાફ બાપુમીંયાની જુબાની | ૮૦ |
| ૮. | સાહેદ | જયેન્દ્રસિંહ યશવંતસિંહની જુબાની | ૮૫ |

**–: દસ્તાવેજી પુરાવો :–**

| ક્રમ | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧. | પંચનામુ | ૦૭ |
| ૨. | ફરીયાદ | ૦૯ |
| ૩. | લાઈસન્સ રદ કરેલ તેની નકલ | ૧૦ |
| ૪. | જાહેર હિતની વાંધા અરજી | ૧૧ |
| ૫. | અપીલની એટેસ્ટેડ કોપી | ૧૨ |
| ૬. | અધિક મુખ્ય સચિવશ્રીને લખેલ પત્ર | ૧૩ |
| ૭. | કરજણ નગરપાલિકાનો ઠરાવ | ૧૪ |
| ૮. | તડીપાર કરવા બાબતનો પ્રસ્તાવ | ૧૫ |
| ૯. | તડીપાર થયેલ વ્યકિતની અરજીઓ ઘ્યાન પર ન લઈ દફતરે કરવા બાબત | ૧૬ |
| ૧૦. | ગુનાની એફ.આઈ.આર. | ૧૭ |
| ૧૧. | પી.એસ.ઓ.કરજણનો ડેપ્યુટ હુકમ | ૩૮ |
| ૧૨. | કલમ ઉમેરાનો રીપોર્ટ | ૮૬ |

(૪) આ ઉપરાંત રેકર્ડ જોતા આ કામે ફરીયાદી ઘ્વારા આંક:૪૫ ના લીસ્ટથી દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે જે વંચાણે લઈ ફરીયાદી ઘ્વારા આંક : ૪૬ ની અરજી આપવામાં આવતા તે લગત તા.૦૬/૦૭/૨૦૨૩ ના રોજ

હુકમ કરી રજુ કરેલ તમામ દસ્તાવેજોને આંક:૫૦ થી ૭૪ આપવાનો હુકમ કરવામાં આવેલ છે. જે તમામ દસ્તાવેજો વંચાણે લેવામાં આવેલ છે.

આ સિવાય ફરીયાદ પક્ષે વધુ કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી.

(૫) ફરીયાદ પક્ષે રજુ થયેલ ઉપરોકત પુરાવો વંચાણે લઈને ફોજદારી કાર્યવાહી ધારો,૧૯૭૩ ની કલમ-૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવા જેટલો પુરાવો રેકર્ડ ઉપર જણાય આવતા તેઓનું તા.૨૮/૦૪/૨૦૨૫ ના વધારાનો જવાબ નોંધવામાં આવેલ છે. જેમાં તેઓએ તેમની વિરૂધ્ધ આવેલ પુરાવાનો તથા તેમની સામેના ગુનાનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે ખોટી ફરીયાદ કરેલ છે. બનાવનો સમય અને તારીખ નથી તથા ગુનાવાળી જગ્યાના પંચનામા નથી ખોટી ફરીયાદ કરેલી છે.

**(૬) દલીલો:-**

**૬.૧ સરકાર પક્ષે કરવામાં આવેલી દલીલો:-**

સરકાર પક્ષે વિ.એ.પી.પી.શ્રી. કુ. જે.જી.મલેકે દલીલો કરતા જણાવેલ છે કે, આ ગુના કામે રેકર્ડ ઉપર આવેલો પુરાવો જોતાં ફરીયાદ પક્ષ પોતાનો કેસ નિશંક પણે સાબિત કરેલ છે. સામાન્ય વિરોધાભાસ ટકવાપાત્ર નથી અને તે કેસના મૂળમાં ઘા કરતો નથી. અંતત: બનાવનું હાર્દ જળવાઈ રહે છે. આરોપી આર.ટી.આઈ.કાયદાની આડમાં પ્રજાને, અધિકારીઓને હેરાનગતિ કરી નાણા પડાવવાની વૃત્તિવાળા છે. ત.ક.અમલદારે તટસ્થ તપાસ કરી પુરાવા એકત્ર કરેલા છે. આરોપીની નાણા પડાવવાની વૃત્તિ તપાસ દરમ્યાન પુરવા થકી બહાર આવતા કલમ ઉમેરાનો રીપોર્ટ આપવમાં આવેલ છે જેને પડકારવામાં આવેલો નથી. ઉલટ તપાસ ધ્યાને લેતાં પોતાના કેસ વિરૂધ્ધના કેટલાક પ્રશ્નો પુછવામાં આવેલા છે તે લક્ષમાં લેતા પણ આરોપીએ ફરીયાદીને ગુનામાં સંડોવી દેવાની ધમકી આપી નાણા પડાવેલા હોવાનું સાબિત થયેલ છે. તેમજ અગત્યના સાહેદોએ આરોપીએ ફરીયાદીને

જાનથી મારી નાંખવાની ધમકી આપેલાનું પણ સ્પષ્ટરીતે સોટંદ ઉપર જણાનવેલ છે. આમ તહોમતનામા મુજબનો ગુનો સાબિત થયેલ હોય કાયદા મુજબની પુરી સજા કરવા ભાર પૂર્વક દલીલો કરેલ છે.

**૬.૨ આરોપી પક્ષે કરવામાં આવેલી દલીલો:–**

આરોપી તરફે તેમના વિ.વ.શ્રી. એ.પી.ભટ્ટે દલીલ કરતા જણાવેલ છે કે, ફરીયાદી ફટાકડા વેચવાનો ધંધો કરે છે અને તે માટે જરૂરી એવું લાયસન્સ લીધેલ નથી. કહેવાતા નાણા રીકવર કરવામાં આવેલા નથી. બનાવવાળી જગ્યાના કોઈ પંચનામા કરવામાં આવેલા નથી. જાનથી મારી નાં ખવાની ધમકીમાં કયા શબ્દોનું ઉચ્ચારણ કરેલ તે કોઈ સાહેદ જણાવતું નથી. નિવેદનો બે વખત લેવામાં આવેલા છે. બનાવની તારીખ ચોકકસ કોઈ સાહેદે જણાવેલ નથી. ફરીયાદ મોડી આપવામાં આવેલ છે, તે અંગે કોઈ કારણ જણાવેલ નથી. કોઈ ધાક ધમકી આપેલ નથી કે કોઈ નાણા પડાવેલા નથી. સબબ ફરીયાદ પક્ષ આક્ષેપિત ગુનો નિશંકપણે સાબિત કરવામાં નિષ્ફળ ગયેલા હોય આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા દલીલો કરેલ છે.

**(૭)** સદરહું ફરીયાદ હકીકતો ઉપરથી આ કેસનાં આખરી નિકાલ માટે નીચે મુજબ મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

મુદદા નં.૧ **:–**શું ફરીયાદપક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ ફરીયાદમાં જણાવેલ સ્થળે, સમયે અને તારીખના રોજ મોજે:કરજણ, નવા બજાર ટાઉન ખાતે ફરીયાદી શ્રીજી ક્રેકર્સ ફટાકડાની દુકાન ચલાવતા હોય જે ઓથા હેઠળ આરોપી એ ફરીયાદીને ખોટી રીતે ફસાવવા અરજીઓ કરેલ જેની પતાવટ કરવી હોય તો તે પેટે ફરીયાદી પાસે રૂા.૫૫,૦૦૦/– બળજબરીથી કઢાવી લઈ તેમજ આરોપી વિરૂધ્ધ તડીપારની દરખાસ્ત થયેલ હોય અને આરોપીએ

આર.ટી.આઈ.ની નકલો મેળવતા ફરીયાદીની કરેલ અરજીના કારણે તડીપાર થયેલ છે તેઓ વહેમ રાખી ચાર લાખનો ખર્ચ થયેલ છે તે આપી દે તેમ કહી આરોપીએ ફરીયાદીને જાનથી મારી નાંખવાની તેમજ આતંકવાદી પ્રવૃતિમાં ફરીયાદીને ફસાવી દેવાની ધમકી આપી ગુનો કરી ભારતીય દંડ સંહિતાની કલમ: ૩૮૯, ૩૮૪, ૫૦૬(૨) મુજબનો ગુનો આ અદાલતની હુકમતમાં કરેલ છે ?

મુદદા નં.૨ :– શું હુકમ ?

(૮) ફરીયાદ પક્ષે રજુ થયેલો સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા તેમજ બંને પક્ષની દલીલો, કેસની હકીકતો અને સંજોગોને ધ્યાને લેતાં, ઉપરોકત મુદદાનાં જવાબો અને કારણો નીચે મુજબ છે.

**મુદદા નં. ૧. અંશત: હકારમાં.**
**મુદદા નં. ૨. આખરી હુકમ મુજબ.**

(૯) :: <u>નિર્ણય માટેનાં કારણો</u> ::

(૯.૧) <u>મુદદા નં.૧ અને ૨ ના જવાબના કારણો</u> :–

ફરીયાદ પક્ષે તમામ વ્યાજબી શંકાથી મુકત રહીને તેનો કેસ નિ:શંકપણે સાબીત કરવો જોઈએ તેવો ક્રિમીનલ જયુરીસપ્રુડન્સનો સ્વીકૃત સિધ્ધાંત છે.

સદરહું કામે રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવઓનુ મુલ્યાંકન કરતા પહેલા અત્રે એ નોંધવુ જરૂરી છે કે, ન્યાયતંત્રના પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ પુરાવાના મુલ્યાંકન શબ્દને પુરાવાના કાયદામાં વ્યાખ્યા બધ્ધ કરવામાં આવેલ નથી કે તે માટે કાનુની સર્મપિત કોઈ નિયમ નથી, પુરાવાનું મુલ્યાંકન કેવી રીતે કરવું તે કેસની હકીકતો અને સંજોગો ઉપર આધારીત હોય છે. પુરાવાના

મુલ્યાંકનનો આધાર પુરાવાના કાયદાની કલમ:૩ ના પ્રબંધોમાં કરવામાં આવેલ સાબિત અને ના–સાબિત વ્યાખ્યા પર આધારિત છે. ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરીયાદપક્ષ પર રહેલ છે. ફરીયાદપક્ષે પોતાની હકીકતો વ્યાજબી શંકાથી પર સાબિત કરવાની હોય છે. દિવાની કાર્યવાહીમાં જે રીતે સભંવીતતા દર્શાવવામાં આવતી હોય છે તેવી સંભવીતતા ફોજદારી કાર્યવાહીમાં હોતી નથી અને ફોજદારી કાર્યવાહીમાં તમામ તબકકે પુરાવાનો બોજો કયારેય આરોપી પર ખસતો નથી. ફરીયાદપક્ષે સંભવિતતા દર્શાવવાની હોતી નથી. પરંતુ આરોપી પર તહોમત વ્યાજબી શંકાથી પર રીતે પુરવાર કરવાનુ હોય છે. ફોજદારી કાર્યવાહીમાં જો આરોપી અપવાદનો લાભ મેળવવા માંગતો હોય તો તેણે ભારતીય પુરાવા અધિનિયમની કલમ:૧૦૫ મુજબ સંભવિતતા દર્શાવવાની રહે છે. આરોપીએ આ અપવાદ માહેની હકીકત શંકાથી પર રીતે સાબીત કરવાની હોતી નથી. સાબિત થયેલી હકીકત કોને કહેવાય ? તે જોવામાં આવે તો અદાલત સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યકિત જે તે સંજોગોમાં જે તે હકીકતનું અસ્તિત્વ હોવાનું માને તો, તેવી હકીકત સાબીત થયેલી ગણાય. આમ, ફોજદારી કાર્યવાહીમાં ફરીયાદપક્ષે પોતાનો કેસ વ્યાજબી શંકાથી પર રીતે સાબિત કરવો જોઈએ.

**(૯.૨)** વધુમાં હાલના કામે ગુનો જે કલમ હેઠળ નોધવામાં આવેલ છે તે કલમોની શબ્દ રચના અને જોગવાઈ જોવી જરૂરી જણાઈ આવે છે. જે નિચે મુજબ છે.

**383. Extortion.**

Whoever intentionally puts any person in fear of any injury to that person, or to any other, and thereby dishonestly induces the person so put in fear to deliver to any person any property or

valuable security, or anything signed or sealed which may be converted into a valuable security, commits "extortion".

**384. Punishment for extortion**

Whoever commits extortion shall be punished with imprisonment of either description for a term which may extend to three years, or with fine, or with both.

**389. Putting person in fear of accusation of offence, in order to commit extortion.**

Whoever, in order to the committing of extortion, puts or attempts to put any person in fear of an accusation, against that person or any other, of having committed, or attempted to commit an offence punishable with death or with 152[imprisonment for life], or with imprisonment for a term which may extend to ten years, shall be punished with imprisonment of either description for a term which may extend to ten years, and shall also be liable to fine; and, if the offence be punishable under section 377 of this Code, may be punished with 152[imprisonment for life].

હવે રેકર્ડ ઉપર આવેલ પુરાવાને ઉકત કાયદાકીય જોગવાઈના વ્યાપમાં ચકાસવો જરૂરી જણાઈ આવે છે. જેની ચર્ચા નિચે મુજબ કરવામાં આવે છે.

(૯.૩) હવે આ કામે આંક:૦૬ થી તપાસવામાં આવેલ પંચ સાહેદ ધીરજ ભાઈ મથુરભાઈ તેમના પુરાવામાં આંક :૦૭ થી રજુ થયેલ પંચનામાની હકીકતને સમર્થનકારક પુરાવો આપેલ ન હોય વિ.એ.પી.પી.શ્રી.એ તેઓને ફરી ગયેલા પંચ સાહેદ તરીકે જાહેર કરી તેઓની ઉલટ તપાસ કરવાની માંગેલ પરવાનગી અન્વયે પણ પંચનામાની હકીકત ને કોઈજ સમર્થન થાય તેવો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી તથા મજકુર પંચ સાહેદની આરોપી પક્ષે કરવામાં

આવેલ ઉલટતપાસમાં એ હકીકત નો સ્વીકાર કરી જણાવેલ છે કે એ વાત ખરી છે કે પોલીસે તૈયાર લખાણ પર સહી કરેલી અને સહી કર્યા સિવાય કંઈ જાણતા નથી. તે મુજબનો કરેલ સ્વીકાર ધ્યાને રાખી મજકુર પંચ સાહેદે આંક:૦૭ થી રજુ થયેલ પંચનામાની હકીકતને સમર્થન થાય તેવો કોઈ પુરાવો આપેલ નથી.

(૯.૪) હવે આ કામે આંક : ૦૮ થી તપાસવામાં આવેલ સાહેદ ભીખાભાઈ બલદેવભાઈ કે જેઓ આ કામના ફરીયાદી અને બનાવમાં ભોગ બનનાર ઈસમ છે. તેઓ સોંગદ ઉપરના પુરાવામાં જણાવે છે કે, સને ૨૦૦૭ ની સાલમાં કરજણ નવા બજાર રાઠોડવાસમાં શ્રીજી ક્રેકર્સ નામથી ફટાકડાની દુકાન ચાલુ કરેલી અને તે ચાલુ કરવા માટે મહે. કલેકટર ઓફીસ વડોદરાથી લાઈસન્સ મેળવેલ અને તે દુકાન ચાલુ કરવા માટે મે.કલેકટર ઓફીસ વડોદરા થી લાઈસન્સ મેળવેલ જે લાઈસન્સ તેઓને ૧/૦૭ નંબરથી ઈસ્યુ કરવામાં આવેલ અને આ લાઈસન્સ દર વર્ષે રીન્યુ કરાવવાનુ હોય છે અને તે લાઈસન્સ તા.૩૧/૦૭/૨૦૧૪ સુધી અધિક જિલ્લા મેજી.વડોદરાએ રીન્યુ કરી આપેલ તે પછી આ લાઈસન્સ તા.૩૧/૦૭/૧૭ સુધી ૩ વર્ષ માટે એકજી. મેજી. કરજણે શરતોને આધિન રીન્યુ કરી આપેલ તેની એટેસ્ટેડ કોપી આંક : ૦૯ થી રજુ કરેલ છે. આ લાઈસન્સ અધિક કલેકટર વડોદરાએ રદ કરેલ તેની નકલ તા.૨૮/૨/૧૭ ના રોજ મળેલી તે હુકમની એટેસ્ટેડ નકલ આંક : ૧૦ થી રજુ છે અને તેઓનું લાઈસન્સ અગાઉ રદ કરવા માટે આરોપીના વિ.વ.શ્રી. એ જિલ્લા મેજી.ને વાંધા અરજ રજુ કરેલ તેની કોપી આંક:૧૧ થી રજુ છે. અધિક કલેકટરે તેઓનુ લાઈસન્સ રદ કરેલ તે હુકમની વિરૂધ્ધ તેઓ સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગરમાં અપીલ કરેલ તેની કોપી આંક:૧૨ થી રજુ છે. સને ૨૦૧૩ ની સાલમાં તેઓ કરજણ નગર પાલિકાની ચુંટણીમાં વોર્ડ નં.૭ માંથી ઉમેદવારી કરેલી હતી. આ સીટ પર તેઓ અને હાલના

આરોપીના પત્ની શિલ્પાબેન અને કૌશીકભાઈ ગાંધીનાઓએ ઉમેદવારી નોંધાવેલ હતી અને તેઓ બંને આ ચૂંટણીમાં હારી ગયેલા અને તેઓ આ વોર્ડમાંથી ચૂંટણી જીતી ગયેલા. જેથી આરોપીને લાગેલ કે ઈરાદાપૂર્વક તેમની પત્નીને હરાવેલા છે. તે પછી દર વર્ષે તેઓને દિવાળી પર ફટાકડાનો ધંધો હોય મહેશભાઈ અને તેઓની પત્નીએ તેઓની વિરૂધ્ધમાં અરજી કરેલી તે અરજીના અનુસંધાનમાં તે સમયે મહેશભાઈએ તેઓ પાસે રોકડા રૂા.૧૫,૦૦૦/– ની માંગણી કરેલી અને તે વખતે તેઓએ માલનો સ્ટોક કરેલ હોય મહેશભાઈને વિનંતી કરતા હતા કે તમે આવી અરજી ન કરો દિવાળીનો તહેવાર હોય ઉપલા લેવલે તપાસ થાય તો ધંધો અટકી જશે જેથી મહેશભાઈને રોકડા રૂ.૧૫,૦૦૦/– આપેલા અને તે રકમ તેઓ તેમની દુકાન પર આવીને લઈ ગયેલા. આજ રીતે સને ર૦૧૪–૧૫ માં પણ તેઓએ કલેટકર કચેરી અને ગૃહ વિભાગમાં અરજી કરેલ આ વખતે પણ તેઓને વિનંતી કરેલ કે તમો આવી અરજી ન કરો અને આ અરજી પતાવટ માટે તે સમયે રૂ.૪૦,૦૦૦/– આરોપીને આપેલા અને તેઓએ દર સાલ અરજી કરેલ હોય તે અનુસંધાનમાં તેઓએ મહેશભાઈ તથા શીલ્પાબેન ધ્વારા આર.ટી.આઈ.એકટ તેમજ ગ્રાહક સુરક્ષાના નેજા હેઠળ હજારોની સંખ્યામાં અરજીઓ કરેલ હોય તે અરજીઓ ભેગી કરી કરજણ પ્રાંત સાહેબ તથા કલેકટર સાહેબને અરજી કરેલ. તેઓએ તેમના જવાબ રૂપે અરજી કરેલ તે પછી સરકારશ્રી તરફથી યોગ્ય તપાસ કરીને મહેશભાઈને પ્રાંત અધિકારીએ આઠ જિલ્લા તડીપારનો હુકમ કરેલ અને તેઓએ તેમના વિરૂધ્ધ અરજીઓ કરેલ હોય પોલીસ અધિક્ષક વડોદરા ગ્રામ્યનાએ અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગરને મહેશભાઈ અને તેઓના પત્નીએ કરેલ અરજીઓ ધ્યાને નહીં લેવા અને અતિ મહત્વ ન આપવા લેખિતમાં જણાવેલ તેની નકલ જાણ સારુ તેઓને મોકલી આપવામાં આવેલ જે આ કામે ટેન્ટેટીવ આંક:૧૩ થી રજુ છે. આરોપીએ આ

અરજી ધ્યાને ન લેવા માટે કરજણ શિનોરના ધારાસભ્યકરજણ ન.પા.માં પત્ર લખી તડીપાર થયેલ વ્યકિતની અરજીઓ ધ્યાને ન લેવા જણાવતા કરજણ ન.પા.એ આવી અરજીઓ ધ્યાને ન લઈ દફતરે કરવાનો ઠરાવ કરેલ જે ટેન્ટેટીવ આંક:૧૪ તથા સબ ડીવીઝનલ મેજી.કરજણનાએ હાલના આરોપીને તડીપાર કરેલ તે તડીપાર કેસો નં.૧૨/૧૬,તા.૦૫/૦૮/૧૬ ના હુકમની ઝેરોક્ષ નકલ રજુ છે તે ટેન્ટેટીવ આંક:૧૫ તથા કરજણના ધારાસભ્યએ તેમના લેટર પેડ ઉપર મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય ગાંધીનગરને આરોપીને કરેલ તડીપારના હુકમ તથા કરેલ અરજીઓ ધ્યાને ન લેવા અને દફતરે કરવા લખેલ પત્ર ટેન્ટેટીવ આંક:૧૬ થી રજુ છે. ત્યારબાદ તા.૨૨/૦૨/૧૭ ના રોજ માનનીય કલેકટર સાહેબનો સ્વાગત ઓન લાઈનનો કાયક્રમ હોય કરજણ સેવાસદન મુકામે હતો અને તે દરમ્યાન તેઓ કરજણ ન.પા.ના સભ્ય તરીકે ત્યાં હાજર હતા ત્યાર બાદ તેમની સાથે હસમુખભાઈ અને ભરતભાઈ હતા આ સમયે તેઓ સેવા સદનના ગેટ પાસે દિવસના સાડા અગિયાર વાગે ઉભા હતા તે દરમ્યાન મથુરા ભુવનવાળા ભાઈ અને મહેશભાઈ તેમની પાસે સ્કુટી બાઈક લઈને આવેલા અને કહેલ કે, તમે કરેલ અરજીના અનુસંધાનમાં તેઓ તડીપાર થયેલ છે તો અત્યાર સુધી તેમને રૂપીયા ૪,૦૦,૦૦૦/–આપી દો નહીંતર તમે જે ફટાકડાનો ધંધો કરો છો તમને ત્રાસવાદ ગુના હેઠળ ફસાવી દઈશ. તેમ કહી જાનથી મારી નાંખવાની ધમકી આપેલ અને આ બાબતે પોલીસ ફરીયાદ નોંધાવેલી તે આંક:૧૭ થી રજુ છે અને ફરીયાદ નોંધાયા પછી પોલીસે તેઓનુ વિશેષ નિવેદન નોંધેલ અને બનાવ તા.૨૨/૨/૧૭ ના રોજ બનેલ.

**૯.૪.૧** મજકુર સાહેદે ઉપરોકત આપેલ પુરાવાને આરોપીપક્ષ તરફથી ઉલટ તપાસ ધ્વારા પડકારવામાં આવતાં મજકુર સાહેદે એ હકીકતનો સ્વીકાર કરી જણાવેલ છે કે એ વાત ખરી છે કે, તેઓ ઘણા વખતથી કરજણ ન.પા.

ના સભ્ય તરીકે ચૂંટાય છે. એ વાત ખરી છે કે કરજણ નગરપાલિકામાં કોઈપણ ધંધો કરવો હોય તો ગુમાસ્તા ધારા મુજબનું લાઈસન્સ લેવુ પડે. એ વાત ખરી છે કે કરજણ પોલીસ સ્ટેશન સ્માર્ટ પોલીસ સ્ટેશન હોવાથી કરજણ નગરપાલિકા વિસ્તારમાં સીસીટીવી કેમેરા લગાવેલા છે. એ વાત ખરી છે કે રાઠોડીયા વાસ વિસ્તાર ભરચક વસ્તીવાળો વિસ્તાર છે. એ વાત ખરી છે કે આ રાઠોડીયાવાસમાં એક બસની અવરજવર થઈ શકે તેવો વિસ્તાર છે. એ વાત ખરી છે કે રાઠોડીયાવાસ એ જાહેર રાજમાર્ગ છે. એ વાત ખરી છે કે તેઓએ જુનાબજાર સોમનાથ મંદિર પાસે દિવાળી સમયે દુકાન ચલાવતા હોવાનુ કોઈ લાઈસન્સ રજુ કરેલ નથી. બનાવ તા.૨૨/૨/૧૭ ના રોજ બનેલ અને બનાવની ફરીયાદ તેના પાંચ દિવસ પછી આપેલ અને બપોરના સમયે આપેલી. એ વાત ખરી છે કે તેઓની ફરીયાદમાં રહેઠાણનુ સ્થળ તથા ધંધાનુ સ્થળનુ એક જ સરનામુ આપેલ છે. એ વાત ખરી છે કે ૨૦૧૩ થી ભાજપના કાર્યકર તથા ભાજપમાંથી ચૂંટણી લડી કોર્પોરેટર તરીકે ચૂંટાયેલ છું. એ વાત ખરી છે કે ૨૦૧૩ પહેલા શીલ્પાબેન પણ કરજણ નગર પાલિકાના કોર્પોરેટર હતા. એ વાત ખરી છે કે મહેશભાઈને કેટલા દરની કેટલી ચલણી નોટો આપેલ તે લખેલ નથી. એ વાત ખરી છે કે મનીષભાઈ ચતુરભાઈએ તેઓના ભાઈની નવા બજાર ખાતે આવેલ અમરદીપ ફુટવેરમાં નોકરી કરે છે. એ વાત ખરી છે કે કરજણ તાલુકા સેવા સદનમાં ઘણી બધી ઓફીસો આવેલ છે. એ વાત ખરી છે કે, કરજણ સેવા સદનમાં સર્કલ પો.સ્ટે., પ્રાંત ઓફીસ, સબ રજીસ્ટ્રાર ઓફીસ અને મામલતદાર ઓફીસ આવેલી છે. એ વાત ખરી છે કે બનાવ બન્યો તે સમયે કલેકટરના કલેકટર, ડીએસપી, સી.પી.આઈ તમામ અધિકારી હાજર હતા. એ વાત ખરી છે કે આ કહેવાતા બનાવ ની મે ૧૦૦ નંબર ઉપર ફરીયાદ આપેલી નથી. એ વાત ખરી છે કે તેઓ માહિતી અધિકાર કાયદો ૨૦૦૫ ની ખબર છે. એ વાત ખરી

છે કે તેઓ સરકારી ઓફીસમાંથી કોઈ કાગળ કે માહિતી જોઈતી હોય તો આ કાયદા હેઠળ અરજી મેળવી શકાય છે. એ વાત ખરી છે કે કરજણ તાલુકા સેવા સદનમાં પબ્લિક કામકાજ માટે આવતા હોય છે. એ વાત ખરી છે કે તા.૨૦/૨/૧૭ ના રોજ કરજણ પો.સ્ટે. માં કોઈ ફરીયાદ આપેલ નથી. એ વાત ખરી છે કે મારી ફરીયાદમાં ગ્રાહક સુરક્ષાના નેજા હેઠળ હજારોની સંખ્યામાં અરજીઓ કરેલ હોય તેવુ લખાવેલ નથી. એ વાત ખરી છે કે પોલીસ અધિક્ષક વડોદરાના ગ્રામ્ય અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ,ગાંધીનગરને મહેશભાઈ તથા તેની પત્ની શીલ્પાબેને કરેલ અરજી ધ્યાને નહી લેવા અને અતિ મહત્વ ન આપવા લેખિતમાં જણાવેલ તેવુ ફરીયાદમાં લખાવેલ નથી. એ વાત ખરી છે કે કરજણ શિનોરના ધારાસભ્ય સતીષ પટેલે કરજણ નગરપાલિકામાં પત્ર લખી તડીપાર થયેલ વ્યકિતની અરજીઓ ધ્યાને ન લેવા જણાવતા કરજણ નગર પાલિકાએ આવી અરજીઓ ધ્યાને ન લઈ દફતરે કરવા ફરમાવેલ છે. એ વાત ખરી છે કે કરજણના ધારાસભ્યે તેના લેટર પેડ ઉપર મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરને આરોપીને તડીપારના હુકમ તથા તેમની અરજી ધ્યાને ન લેવા અને દફતરે કરવા લખેલ તે હકીકત તેઓની પોલીસ ફરીયાદમાં લખેલ નથી. એ વાત ખરી છે કે મનીષભાઈ અને વિમલભાઈની હાજરીમાં આરોપીને રૂપીયા ચાલીસ હજાર આપેલા તે હકીકત ફરીયાદમાં જણાવેલ છે પણ જુબાનીમાં જણાવેલ નથી.

(૯.૫) મજકુર સાહેદે ઉપરોકત મુજબનો કરેલ સ્વીકાર ધ્યાને રાખી તેઓના પુરાવાનુ મુલ્યાંકન કરતાં તેમાંથી તેઓ આ કામના ફરીયાદી અને ગુનાનો ભોગ બનનાર ઈસમ હોય ઘણી મહત્વની હકીકતો રેકર્ડ ઉપર આવેલ છે. આરોપીપક્ષે ઉલટતપસામાં સૌપ્રથમ પુછવામાં આવેલ છે કે, *એ વાત ખરી છે કે, તેઓ ઘણા વખતથી કરજણ ન.પા. ના સભ્ય તરીકે ચૂંટાય છે.* અને આરોપીના પત્ની પણ ચુંણીમાં ઉભા રહેલ હતા અને ફરીયાદી સામે તેઓ

હારી ગયેલા હતા. *આમ પક્ષકારો વચ્ચે ચુંણી સબંધે અદાલત હોવાનું ઉલટ તપાસ પરથી સ્પષ્ટ થાય છે.*

(૯.૬) ફરીયાદી ફટાકડાના વેપારી હોવાની હકીકત પણ નિર્વિવાદ છે. વધુમા આરોપી વિવિધ પ્રકારની અરજી કરતા આવેલા છે અને કરવા ટેવાયેલા છે તે હકીકત પણ નિર્વિવાદ છે. આરોપીપક્ષે કદી એવો ઈન્કાર કરવામાં આવેલ નથી કે તેમણે કોઈ ફરીયાદ કે અરજી કરેલ નથી. આમ આરોપી વિવિધ ફરીયાદો અને અરજી કરતા આવેલા છે અને કરવા ટેવાયેલા છે અને તેથી નાણા લઈ સમાધાન કરતા આવેલા હોવાનું પણ માનવાને કારણ રહે છે.

(૯.૭) હાલના કિસ્સમાં આરોપી પક્ષે પ્રશ્ન પુછવામાં આવેલ છે કે, ''*એ વાત ખરી છે કે મહેશભાઈને કેટલા દરની કેટલી ચલણી નોટો આપેલ તે લખેલ નથી.*'' આમ અહી આગળ *આરોપીએ નાણા લીધેલા હોવાનું પરોક્ષ રીતે કબુલ રાખેલ છે,* ફકત નોટોની વિગતો લખેલ કે દર્શાવેલ નથી.

**૯.૭.૧** વિશેષમાં આરોપી પક્ષે *કોઈ નાણા લીધાજ નથી એવો કોઈ પ્રશ્ન પુછવામાં આવેલો નથી કે એવો કોઈ બચાવ નથી.* આ બાબત જોતા ફરયાદી પાસે આરોપીએ નાણા મેળવેલા હોવાનું સ્ણષ્ટપણે સાબિત થાય છે. આ તારણને એટલા માટે પણ સમર્થન મળે છે કે, આરોપીએ ઉલટતપાસમાં પુછેલ છે કે, ''*એ વાત ખરી છે કે મનીષભાઈ અને વિમલભાઈની હાજરીમાં આરોપીને રૂપીયા ચાલીસ હજાર આપેલા તે હકીકત ફરીયાદમાં જણાવેલ છે પણ જુબાનીમાં જણાવેલ નથી.*'' આમ જુબાનીમાં ન જણાવેલ હકીકતો આરોપીપક્ષ પોતે રેકર્ડ ઉપર લઈ આવેલા છે. આ અત્યંત મહત્વની તથા નિર્ણાયક બાબત છે.

(૯.૮) વધુમાં,ફરીયાદીએ જુબાનીમાં જણાવેલ હકીકતે કે,''*તા.૨૨/૦૨/૧૭ ના રોજ માનનીય કલેકટર સાહેબનો સ્વાગત ઓન લાઈનનો કાર્યક્રમ હોય*

*કરજણ સેવાસદન મુકામે હતો અને તે દરમ્યાન તેઓ કરજણ ન.પા.ના સભ્ય તરીકે ત્યાં હાજર હતા ત્યાર બાદ તેમની સાથે હસમુખભાઈ અને ભરતભાઈ હતા આ સમયે તેઓ સેવા સદનના ગેટ પાસે દિવસના સાડા અગિયાર વાગે ઉભા હતા તે દરમ્યાન મથુરા ભુવનવાળા ભાઈ અને મહેશભાઈ તેમની પાસે સ્કુટી બાઈક લઈને આવેલા અને કહેલ કે, તમે કરેલ અરજીના અનુસંધાનમાં તેઓ તડીપાર થયેલ છે તો અત્યાર સુધી તેમને રૂપીયા ૪,૦૦,૦૦૦/–આપી દો નહીંતર તમે જે ફટાકડાનો ધંધો કરો છો તમને ત્રાસવાદ ગુના હેઠળ ફસાવી દઈશ. તેમ કહી જાનથી મારી નાંખવાની ધમકી આપેલ*''આ હકીકત ફરીયાદ અને જુબાનીમા પણ જણાવેલ છે, કે જેને ઉલટ તપાસ દરમ્યાન પડકારવામાં આવેલ નથી. આમ આ હકીકત સાબિત થયેલી માનવાની રહે છે. આમ આરોપીએ ફરીયાદીને ત્રાસવાદી ગુનામાં ફસાવી દેવાની ધમકી આપી નાંણાની માંગણી કરી બળજબરીથી કઢાવી લેવા હેરાન પરેશાન કરી નાણા પડાવી લીધેલ હોવાનું સ્પષ્ટપણે સાબિત થાય છે.

(૯.૯) વધુમાં આ કામે ફરીયાદીની જુબાની જોતા તેઓના પુરાવા દરમ્યાન આંક:૧૩ થી ૧૬ સુધીના દ.પુ. રજુ કરેલ છે જે ટેન્ટેટીવ આંક આપવામાં આવેલ છે. આ સમગ્ર રેકર્ડ જોતા તમામ દસાવેજો સરકારી અધિકારી, પોલીસ અધિકારી વચ્ચે થયેલા પત્રવ્યવહારો અને હુકમો છે, કે જેને ઉલટ તપાસ દરમ્યાન પણ પડકારવામાં આવેલા નથી. આ દસ્તાવેજો ન માનવાને કોઈ કારણ જણાઈ આવતું નથી. વધુમાં આરોપી પક્ષે આ દસ્તાવેજો ઉપજાવી કાઢેલા છે, ખોટા છે, તેવી પણ કોઈ તકરર કે દલીલો કરવામાં આવેલ નથી. આમ આ તમામ આંક ૧૩ થી ૧૬ ને પાકા આંક તરીકે કન્સીડર કરવામાં આવે છે.

(૯.૧૦) આમ, રેકર્ડ તથા ફરીયાદ હકીકત તથા પુરાવો સંયુકત રીતે ઉપર દર્શાવેલ કાયદાકીય જોગવાઈની શબ્દ રચનાના વ્યાપમાં ચકાસતા આ કામના

આરોપીએ આ કામના ફરીયાદી ફટકાડાનો ધંધો કરતા હોય અને તે બાબતની અરજી કરી તે અનુસંધાને ફરીયાદી પાસેથી રૂપીયાની માંગણી કરેલ હોવાનું અને કલેકટર અને ગૃહ વિભાગમાં અરજી કરેલ હોય અને તેની પતાવટના રૂપીયાની માંગણી કરી તે મુજબના નાણા મેળવેલ હોવાનું સ્પષ્ટપણે પુરવાર થાય છે. તેમજ આરોપીએ ફરીયાદીને ત્રાસવાદી ગુનામાં ફસાવી દેવાની ધમકી આપી નાંણાની માંગણી કરી બળજબરીથી કઢાવી લેવા હેરાન પરેશાન કરી નાણા પડાવી લીધેલ હોવાનું પણ સ્પષ્ટપણે સાબિત થાય છે.

**(૯.૧૧)** જયારે જાનથી મારી નાંખવાની ધમકીમાં ઉચ્ચારેલ શબ્દો સ્પષ્ટપણે જણાવેલ ન હોય ઈ.પી.કો. ક.૫૦૬(૨) પુરતા પુરાવાના ભાવે સાબિત થતી ન હોવાનુ ઠરાવવામાં આવે છે.

**(૯.૧૨)** હવે આ કામે આંક:૨૨ થી તપાસવામાં આવેલ સાહેદ ભરતભાઈ ઈશ્વરભાઈ તેમના પુરાવામાં જણાવે છે કે, બનાવ બનેલ તે દિવસે તેઓ તથા ચાની લારીવાળા હસમુખભાઈ તેઓને છુટાછેડા થયેલ હોય અને બીજી વહુ લાવેલ હોય રેશનકાર્ડમાં નામ દાખલ કરાવવા માટે પુછપરછ માટે તાલુકા સેવા સદનમાં ગયેલ અને ત્યાં રેશન કાર્ડનુ કામ થાય તેમ ન હોય તેઓ પાછા સેવાસદનના ગેટ પાસે આવતા હતા ત્યારે મહેશભાઈ, ભીખાભાઈ વચ્ચે બોલચાલી થતી હતી તે વખતે સાંભળેલ કે મહેશભાઈ, ભીખાભાઈને એવુ બોલતા હતા કે, *તે મને પાસામાં કરેલો છે ચાર લાખ ખર્ચો થયેલ છે તે મને પાછો આપી દે અને નહી આપે તો તને બોમ્બ ધડાકા કેસમાં હલવાઈ દઈશ અને જાનથી મારી નાંખવાની ધમકી આપેલ* હોવાના પુરાવાને આરોપીપક્ષ તરફથી ઉલટતપાસ ધ્વારા પડકારવામા આવતા સાહેદે એ હકીકતનો સ્વીકાર કરી જણાવેલ છે કે એ વાત ખરી છે કે તેઓ અને ફરીયાદી એક જ સમાજના છે. એ વાત ખરી છે કે ભીખાભાઈ નગરપાલિકાના સભ્ય તરીકે ચૂંટાયેલા હતા. નવા બજારથી સેવાસદન જવુ

હોય તો ચાલતા ગયેલ તો વીસ મિનીટ લાગેલી. કહેવાતો બનાવ બન્યો ત્યારે દસ સાડા દસના અરસામાં સેવાસદન ગયેલા. એ વાત ખરી છે કે સેવા સદનમાં ઘણી બધી ઓફીસો આવેલ છે અને ત્યાં રોજ ઘણા બધા માણસોની અવરજવર રહેતી હોય છે. કહેવાતા બનાવનુ નિવેદન લેવા પોલીસે કઈ તારીખે બોલોવેલ તે ખબર નથી. એ વાત ખરી છે કે તેઓ તેમની મો.સા.લઈને તેમના હસમુખની લારીએ ગયેલ અને ત્યાંથી તેઓ બંને જણા કરજણ તાલુકા સેવા સદન ગયેલા તે હકીકત પોલીસ નિવેદનમાં જણાવેલ છે પરંતુ તેઓની સરતપાસમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે તેઓ અને તેમના મિત્ર તાલુકા સેવા સદન ખાતે ગયેલ હતા પરંતુ તે દિવસે કલેકટર સાહેબશ્રી સ્વાગત ઓન લાઈન કાર્યક્રમમાં આવવાના હોય તે હકીકત તેમના તારીખ:૧૭/૩૪/૧૭ ના પોલીસ નિવેદન જણાવેલ છે પરંતુ સરતપાસ માં જણાવેલ નથી. તે મુજબનો કરેલ સ્વીકાર ધ્યાને રાખી મજકુર સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરતાં તેમાંથી તેઓ જયારે સેવા સદનની ઓફીસમાં ગયેલા ત્યારે ત્યાં ઘણા માણસોની અવરજવર હતી અને ત્યાં ઘણી બધી ઓફીસો આવેલ હોય અને તેઓ જે રેશનકાર્ડના નામ માટે ગયેલા તે થયેલ ન હોય પાછા ફરતા હતા ત્યારે તેઓ એ સાંભળેલ કે આરોપી ફરીયાદીને ધમકી આપતો હતો. સદર બનાવ બાબતે તેઓના પોલીસ નિવેદન લેવામાં આવેલ હતા.

**૯.૧૨.૧** આ સાહેદની જુબાની જોતા તેઓ નેચરલ વીટનેસ હોવાનું જણાઈ આવે છે. આ સાહેદ પોતાના એગત કામ માટે બનાવ સ્થળે ગયેલા હતા અને ફરયાદીને આરોપી ધમકી આપેલ કે, ''*તે મને પાસામાં કરેલો છે ચાર લાખ ખર્ચો થયેલ છે તે મને પાછો આપી દે અને નહી આપે તો તને બોમ્બ ધડાકા કેસમાં હલવાઈ દઈશ અને જાનથી મારી નાં ખવાની ધમકી આપેલ*'' એવું હોવાનું પોતે જણાવેલ છે. આ કથનોને પણ

ઉલટ તપાસમાં પડકારવામાં આવેલા નથી. વધુમાં ફરીયાદી નગર પાલીકામાં ચુંટાયેલા સભ્ય હોવાનું પણ રેકર્ડ ઉપર આવેલ છે, અને આરોપીના પત્ની ફરીયાદી સામે હારી ગયેલા હોવાની હકીકત નિર્વિવાદ છે જે આ બાબતે આરોપીને મનદુખ હોય તે બાબત સહજ અને સ્વાભાવીક છે. તે બાબતની રીસ રાખી ફરીયાદી ફટાકડાના વેપારી હોય તેમની વિરૂધ્ધ અરજીઓ કરી ગુનામા ફસાવી દેવાની ધમકી આપી નાણા પડાવેલ હોવાનું માનવાને કારણ રહે છે. એક માત્ર ફરીયાદી અને સાહેદની જાતીના હોય અને પોલીસે કઈ તારીખે નિવેદન લેવા બોલાવેલા તે તારીખ યાદ ન હોવાથી સાહેદની શાખપાત્રતા ઘટી જતી નથી.

**(૯.૧૩)** હવે આ કામે આંક:૩૫ થી તપાસવામાં આવેલ સાહેદ હસમુખભાઈ ચીમનભાઈ તેમના પુરાવામાં જણાવે છે કે બનાવ સમયે તેઓ ચાની લારી પર હતા તે સમયે તેમના મીત્ર ભરતભાઈ લારી ઉપર આવેલા અને કહેલ કે તેમની પત્નીનુ નામ રેશનકાર્ડમાં દાખલ કરાવવાનુ છે અને ભરતભાઈ મો.સા. લઈને આવેલા અને તેઓ મામલતદાર ઓફીસ સેવા સદન ગયેલા ત્યારબાદ ભરતભાઈ અંદર ગયેલા ત્યારે કર્મચારીએ જણાવેલ કે કલેકટર સાહેબ આવવાના છે તો બંધ છે જેથી બહારના ગેટ તરફ આવતા હતા ત્યારે આગળ મહેશભાઈ અને ભીખાભાઈ વચ્ચે બોલાચાલી થતી હતી. ત્યારે એવુ સાંભળેલ કે મહેશભાઈ, ભીખાભાઈને કહેતા હતા કે તે તડીપાર કરાવેલો છે તેનો ખર્ચો ચાર લાખ થયેલ છે અને પૈસા ન આપે તો બોમ્બ ધડાકાના કેસમાં ફીટ કરાવી દઈશ અને તારુ લાઈસન્સ રદ કરાવી દઈશ તેવુ કહી જાનથી મારી નાંખવાની ધમકી આપેલી અને ત્યારબાદ ચા ની લારી પર આવી ગયેલા અને બનાવ સમયે ફરીયાદી ન.પા.માં કોર્પોરેટર હતા અને મહેશભાઈના પત્ની પણ કોર્પોરેટર રહી ચુકેલ હોઈ બંનેને ઓળખે છે. બનાવ બાબતે પોલીસે તેઓનો જવાબ લીધેલ હોવાના પુરાવાને આરોપીપક્ષ તરફથી ઉલટતપાસ

ધ્વારા પડકારવામાં આવતાં મજકુર સાહેદે એ હકીકતનો સ્વીકાર કરી જણાવેલ છે કે બનાવ અંગે પોલીસને પ્રથમવાર જવાબ તા.૨૦/૦૨/૧૭ ના રોજ લખાવેલ અને તે સેવા સદનની બીલ્ડીંગમાં બે ગેટ આવેલા છે. એ વાત ખરી છે કે આ બીલ્ડીંગમાં ઘણી બધી ઓફીસો આવેલ છે. પોલીસને બીજો જવાબ તા.૨૨/૦૨/૧૭ ના રોજ લખાવેલ છે. એ વાત ખરી છે કે ગેટથી સેવા સદન બીલ્ડીંગ ૭૦ થી ૮૦ મીટર દુર આવેલ છે. એ વાત ખરી છે કે મહેશભાઈની પત્ની કોર્પોરેટર રહી ચુકેલ હોય તેઓ અગાઉ ઓળખતા હતા તે હકીકત પોલીસ રૂબરુના નિવેદનમાં લખાવેલ નથી.

**૯.૧૩.૧** આ સાહેદની જુબાની જોતા તેઓ પણ નેચરલ વીટનેસ હોવાનું જણાઈ આવે છે. આ સાહેદ પોતાની ચાની લારી ઉપર બનાવ સ્થળે હતા મીત્ર ભરતભાઈ પોતાની પાસે આવેલા હોવાનું જણાવે છે. આમ સંજોગો વશાત તમામ સાહેદો બનાવ સ્થળે ભેગા થયેલા છે અને તેમની સામે સમગ્ર બનાવ બનેલો છે અને તેમણે પોતાના નિવેદનમાં તથા જુબાનીમાં પણ તેનો ઉલ્લેખ કરેલ છે.વધુમાં આ સાહેદે સ્પષ્ટ જણાવેલ છે કે, *''મહેશભાઈ અને ભીખાભાઈ વચ્ચે બોલાચાલી થતી હતી. ત્યારે એવુ સાંભળેલ કે મહેશભાઈ, ભીખાભાઈને કહેતા હતા કે તે તડીપાર કરાવેલો છે તેનો ખર્ચો ચાર લાખ થયેલ છે અને પૈસા ન આપે તો બોમ્બ ધડાકાના કેસમાં ફીટ કરાવી દઈશ અને તારુ લાઈસન્સ રદ કરાવી દઈશ તેવુ કહી જાનથી મારી નાંખવાની ધમકી આપેલી''* આમ ધમકીનો પ્રકાર, ચોકકસ રકમ તથા બનાવની બંધબેસતી વિગત આ સાહેદે પણ સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે. જે ન માનવાને કોઈ કારણ નથી. વધુમાં ઉલટ તપાસ દરમ્યાન ધમકીની તથા નાણાની વિગતોનો પડકારતો અને નકારતો કોઈ સવાલ પુછવામાં આવેલો નથી. ઉલટ તપાસમાં સાહેદે બનાવ નજરે જોયેલ ન હોવાનો પણ ઈનકાર કરેલ છે. આ સાહેદની જુબાનીમાં પણ બનાવનું હાર્દ જળવાઈ રહે છે.

**(૯.૧૪)** હવે આ કામે આંક:૩૭ થી તપાસવામાં આવેલ સાહેદ જીતેન્દ્રભાઈ પરષોતમભાઈ તેમના પુરાવામાં જણાવે છે કે તેઓ કરજણ પોલીસ સ્ટે.માં પી.એસ.ઓ.તરીકે ફરજ બજાવતા હતા ત્યારે આ કામના ફરીયાદી પોલીસ સ્ટેશનમાં આવી આરોપી વિરૂધ્ધ ફરીયાદ હકીકત લખાવતા તે મુજબ લખી લીધેલ અને તે ફરીયાદ નોંધી રજીસ્ટર કરી આગળની તપાસ પી.એસ.આઈ. તરફ ડેપ્યુટ કરેલ અને રેકર્ડમાંથી આંક:૧૭ ની એફ.આઈ.આર. બતાવતા તેમાં ફરીયાદી અને તેમની સહી ઓળખી બતાવે છે અને ડેપ્યુટ હુકમ આંક:૩૮ થી રજુ હોવાના આપેલ પુરાવાને આરોપીપક્ષ તરફથી ઉલટતપાસ કરવામાં આવતા તેઓએ એ હકીકતનો સ્વીકાર કરી જણાવેલ છે કે ફરીયાદીની ફરીયાદ અનુરૂપ ફરીયાદ લખી લીધેલ અને ગુનો રજી. કરી આગળની તપાસ માટે ડેપ્યુટ હુકમ કરેલ તે મુજબનો કરેલ સ્વીકાર ધ્યાને રાખી મજકુર સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરતાં તેમાંથી તેઓએ પી.એસ.ઓ.તરીકે બજાવવાની થતી કાયદેસરની ફરજ બજાવેલ છે કે જેમાં તેમણે ફરીયાદીની ફરીયાદ અનુંરૂપ ફરીયાદ લખેલી હોવાનું તારણ બહાર આવે છે. ફરીયાદી પાસે બધી વિગતો જાણી લઈ બાદમાં પોતે ફરીયાદ લખી લીધી હોય તેવો કોઈ પ્રશ્ન ઉલટ તપાસમાં પુછવામાં આવેલો નથી. આમ ફરીયાદ પણ બનાવ મુજબ અને ફરીયાદીના લખાવ્યા મુજબ લખવામાં આવેલી હોવાનું સાબિત થાય છે.

**(૯.૧૫)** હવે આ કામે આંક:૮૦ થી તપાસવામાં આવેલ સાહેદ અબ્દેમુનાફ બાપુમીયા તેમના પુરાવામાં જણાવે છે કે સને ૨૦૧૭ ની સાલમાં તેઓ કરજણ પો.સ્ટે.મા પી.આઈ.તરીકે ફરજ બજાવતો હતા તે દરમ્યાન ફરીયાદીએ આરોપી વિરૂધ્ધ ફરીયાદ આપેલ જે મતલબની ફરીયાદ પી.એસ.ઓ. કરજણનાએ નોંધી લઈ આગળની તપાસ પી.એસ.આઈ. શ્રી ચૌહાણનાઓને સોંપેલી. તપાસ દરમ્યાન પી.એસ.આઈ.ચૌહાણનાઓ પોલીસ ભરતી બંદોબસ્તમા

ગયેલ હોય અને ગુનાની તપાસ તેઓને મળતા તપાસ સંભાળી લઈ તપાસના કાગળો જોતા સદર ગુન્હાના કામે ઈ.પી.કો. કલમ:૩૮૯ મુજબનો ઉમેરો કરવાનુ જણાતા નામ.કોર્ટમા કલમ ઉમેરા બાબતે રીપોર્ટ કરેલ અને આરોપીને અટક કરેલ અને પંચનામુ કરેલ. ત્યાર બાદ પી.એસ.આઈ. ચૌહાણ તા.૧૬/૦૩/૨૦૧૭ ના રોજ હાજર થતા ગુન્હાની તપાસ તેઓને સોંપતા તેઓએ નામ.કોર્ટમા ચાર્જશીટ કરેલ હોવાના પુરાવાને આરોપીપક્ષ તરફથી ઉલટતપાસ ધ્વારા પડકારવામાં આવતા મજકુર સાહેદે એ હકીકતનો સ્વીકાર કરી જણાવેલ છે કે આરોપીને અટક કર્યા સિવાય અન્ય કોઈ કામગીરી કરેલ નથી. તે મુજબનો કરેલ સ્વીકાર ધ્યાને રાખી મજકુર સાહેદના પુરાવાનુ મુલ્યાંકન કરતાં તેમાંથી તેઓએ આરોપીને અટક કરેલ છે તેમજ ઈ.પી.કો. કલમ:૩૮૯ નો ઉમેરો કરવાનો રીપોર્ટ પણ આપેલ છે. આ કલમ ઉમેરા સંબંધે કોઈ પ્રશ્ન ઉલટ તપાસ દરમ્યાન પુછવામાં આવેલો નથી. સદર કલમના તત્વો મુજબની હકીકતો હાલના ગુના કામે બનવા પામેલ હોય સદર કલમ ઉમેરાનો રીપોર્ટ આ કામે આપવામાં આવેલ છે અને કલમ ઉમેરો કરવામાં આવેલ છે. સદર રીપોર્ટ આ કામે આંક:૮૬ થી રજુ છે જેને આરોપી પક્ષે પડકારેલ નથી. સદર રીપોર્ટ ત.ક.અમલદારની જુબાનીમાં પણ રીફર કરવામાં આવેલો છે અને આંકે પાડવામાં આવેલ છે. ત.ક.અ.ને પણ આ રીપોર્ટ સંબંધે કોઈ પ્રશ્ન પુછવામાં આવેલ નથી.

**(૯.૧૬)** હવે આંક:૮૬ થી રજુ કલમ ઉમેરાનો રીપોર્ટ વંચાણે લેવામાં આવે તો પુરતી તપાસ કર્યા બાદ ક.૩૮૯ મુજબના તત્વો સીધી રીતો આકર્ષાતા હોય અને ચીત્રમાં આવતા હોય આ રીપોર્ટ આપવમાં આવેલ હોવાનું સ્પષ્ટ થાય છે. સદર આંક:૮૦ તથા ૮૫ વાળા બંન્ને સાહેદ તટસ્થ સાહેદ છે તેમને કોઈ પણ સાથે કોઈ લેવા દેવા નથી અને તેમના દવારા આ કલમ ઉમેરાને સબળ સમર્થન આપવામાં આવેલ છે અને આ સમર્થને

આરોપીપક્ષે પડકારેલ નથી, એકપણ પ્રશ્ન પુછવામાં આવેલ નથી. સબબ આંક:૮૬ તથા તેની વિગતો પુરવાર થયેલ છે, તેને ન માનવાને કોઈ કારણ રહેતું નથી.

**(૯.૧૭)** હવે આ કામે આંક:૮૫ થી તપાસવામાં આવેલ સાહેદ જયેન્દ્રસિંહ યશવંતસિંહ કે જેઓ બનાવ સમયે કરજણ પોલીસ સ્ટેશનમાં પી.આઈ. તરીકે ફરજ બજાવતા હતા. તેઓ સોંગદ ઉપરના પુરાવામાં જણાવે છે કે ૨૦૧૭ ની સાલમા હુ કરજણ પો.સ્ટે.માં પો.સબ.ઈન્સ. તરીકે ફરજ બજાવતો હતો તે દરમ્યાન તા.૦૩/૩/૨૦૧૭ ના રોજ ફરીયાદીએ આરોપી વિરૂધ્ધ સદર ગુનાની ફરીયાદ આપતાં તેઓએ તપાસ સંભાળી લીધેલ અને તપાસ સોંપ્યા બાદ ફરીયાદીની ફરીયાદનો અભ્યાસ કરેલ જેમા ફરીયાદીએ આરોપી વિરૂધ્ધ આક્ષેપ કરેલ કે, ફરીયાદી શ્રીજી ક્રેકર્સ ફટાકડાની દુકાન ચલાવતા હતા અને આ કામના આરોપીએ ફરીયાદીને ખોટી રીતે ફસાવવા માટે વિવિધ અરજીઓ કરેલ અને જેની પતાવટ કરવી હોય તો પતાવટ પેટે ફરીયાદી પાસેથી રૂપિયા ૫૫,૦૦૦/- બળજબરીથી કઢાવી લીધેલ તેમજ આ કામના આરોપી વિરૂધ્ધમા તડીપારની દરખાસ્ત કરતા આર.ટી.આઈ.થી નકલો મેળવી પોતે ફરી.એ કરેલ અરજીના કારણે તડીપાર થયેલ છે તેવો ફરીયાદી પર વહેમ રાખી તેને રૂપિયા ૪,૦૦,૦૦૦/- નો જે ખર્ચ થયેલ તે આપી દે તેમ કહી આરોપીએ ફરીયાદીને જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી આતંકવાદી પ્રવૃતિમા ખોટી રીતે ફસાવી દેવાની ધમકીઓ આપેલ હોવાનુ ફરીયાદમા જણાવેલ. જેથી તપાસના કામે ફરી.ની ફરીયાદનો વિગતવાર અભ્યાસ કરેલ અને એફ.આઈ.આર.માં ગુનો બન્યાની તા.૨૦/૦૨/૧૭ ની લખેલ હતી અને ખરેખર બનાવ તા.૨૨.૦૨.૨૦૧૭ ના રોજ બનેલ હતો કારણ કે, ફરીયાદીએ પોતાની ફરીયાદમા બનાવનો દિવસ મહે. કલેકટર સાહેબ ઓનલાઈન કાર્યક્રમમા સેવા સદન, કરજણ ખાતે પોતે હાજર રહેલ હોવાનુ

જણાવેલ અને તે દિવસે તારીખની તપાસ કરતા તે તા.૨૨/૨/૧૭ ની હોય ફરીયાદીનો તે મુજબનો જવાબ લીધેલ ત્યારબાદ સદર ગુન્હાની તપાસ દરમ્યાન રજા પર ગયેલ હોય ગુન્હાની તપાસ પી. આઈ.એ.બી.સૈયદને સોંપેલ જેઓએ આરોપીની ધરપકડ કરેલ અને સદર તપાસમાં ફરીયાદના તત્વો જોતા તેમાં ઈ.પી.કો. કલમ:૩૮૯ નો ગુન્હો બનતો હોય સૈયદ સાહેબે નામ.કોર્ટમા કલમ ઉમેરાનો રીપોર્ટ કરેલ. ત્યારબાદ લાગતા વળગતા સાહેદોના આ કામે નિવેદનો લીધેલ અને તપાસમા સદર તપાસના કામે આરોપી પોતે અગાઉ તડીપાર થયેલ હોય તપાસના કામે એસડીએમ શ્રી, કરજણનાઓએ તડીપાર કેસ નંબર ૧૨/૨૦૧૬ થી તડીપાર કરેલ હોય તેઓનો હુકમની માહિતી તપાસના કામે મેળવેલ. જે આ કામે ટેન્ટેટીવ આંક:૧૫ છે તે એસ.ડી.એમ.,કરજણનાઓના હુકમની નકલ છે જે તપાસના કામે મેળવેલ તે જ છે. આ કામે તપાસના કામે પોલીસ અધિ.શ્રીનાઓએ ગ્રાહક સુરક્ષા તેમજ આર.ટી.આઈ. અને સી.એમ. ઓનલાઈન અનુસંધાનમા મીસયુઝ અંગે જે માહિતી માંગેલ તેની નકલ બતાવવામા આવે છે. જેમા પોલીસ અધિ.શ્રી વડોદરા ગ્રામ્યની સહી તથા સિકકો છે જે અનુસંધાને તપાસના કામે કરજણ નગરપાલિકા સામાન્ય સભા ઠરાવ ૫૫(૫), તા.૧૩/૧૦/૨૦૧૬ તથા અગાઉ જણાવેલ એસ.ડી.એમ. શ્રીનો હુકમ તથા ધારાસભ્ય સતીષભાઈ મોતીભાઈ પટેલનાઓનો પત્ર મળેલ જે તપાસના કામે સામેલ રાખેલ તે જ પત્ર છે. તપાસમા ધ્યાને આવેલ કે, આરોપી મહેશભાઈ શાહનાઓએ પોતાના પત્નિ-શીલ્પાબેન મહેશભાઈ શાહનાઓને કરજણ નગરપાલિકામા ૨૦૧૩ સુધી સભ્ય હોય ત્યા સુધી આરોપીશ્રીએ કોઈ આર.ટી.આઈ. મુજબ અરજી કરેલ નહી અને જેટલી પણ અરજીઓ અલગ-અલગ વિભાગમાં કરેલ હોય તે તમામ અરજીઓ સને ૨૦૧ ૩ થી શરૂઆત થયેલ છે. જેનુ મુખ્ય કારણ આરોપીના પત્ની શીલ્પાબેન

ન.પા.ની ચુંટણીમા હારી ગયેલ અને ભીખાભાઈ ઠાકરડા જે હાલના ફરીયાદી છે તે જીતેલ જેથી ભીખાભાઈ ઠાકરડાને હેરાન કરવાના હેતુસર તેમની ફટાકડાની દુકાન બંધ થાય તે હેતુથી તેઓએ આર.ટી.આઈ. મુજબની અરજીઓ કરી સાહેદોના કહેવા પ્રમાણે રૂ.૫૫,૦૦૦/–તેમની હાજરીમા લીધેલા હોવાનુ જણાવેલ તેમજ આરોપી મહેશભાઈ અલગ અલગ ડિપાર્ટમેન્ટમા આર.ટી.આઈ. મુજબની જે અરજી કરતા અને જે અરજીમા પતાવટ થઈ જાય તેમા તેઓ પછી નિવેદન લખાવવા જતા નહી. આજ સુધી આવી કેટલી અરજીઓ છે કે જેમા તેઓએ એકવાર અરજી કર્યા બાદ જો બનાવ અને બાબત અથવા તો કોઈ ખોટી કાર્યવાહી થઈ છે તે બાબતે સત્યતા હોય તો આર.ટી.આઈ. એકટીવીસ્ટ છેક સુધી લડત આપે પરંતુ એવી કોઈ લડત દરેક અરજીઓમા આપેલ નથી. જેથી રૂ.૫૫,૦૦૦/– લીધેલાની હકિકતે મારી તપાસમા સમર્થન મળતુ હતુ અને આરોપીને તડીપાર કર્યા અંગેની અરજીઓ આર.ટી.આઈ. મુજબ સદર ફરીયાદના ફરીયાદીશ્રીએ માંગેલ હોય જેથી તેઓએ ફરી.ને ખર્ચ પેટે ચાર લાખ રૂપિયાની માંગણી કરેલ હોય અને હાજર સાહેદ ભરતભાઈ ઈશ્વરભાઈ ઠાકરડા તથા હસમુખભાઈ ચીમન ભાઈના નિવેદનોમા અને રૂ.૫૫,૦૦૦/– લીધેલાનુ વિમલભાઈ ઠાકરડા તથા મનીષભાઈ રાઠોડના નિવેદનોમા તેમની હાજરીમા રોકડા લીધેલ હોવાનુ ખુલેલુ. જેથી આરોપી સામે ચાર્જશીટ કરવા પુરતા પુરાવા હોય નામ.કોર્ટમા ચાર્જશીટ ફાઈલ કરેલ. કલમ ઉમેરો કરેલ રીપોર્ટ આંક:૮૬ થી રજુ છે તારીખ સુધારવા માટે નામ.કોર્ટને કરેલ રીપોર્ટની ઓ/સી બતાવવામા આવે છે. જે જોઈને કહુ છુ કે, તે અમોએ કરેલ રીપોર્ટની ઓ/સી છે જેમા મારી સહી હોવાના આપેલ પુરાવાને આરોપીપક્ષ તરફથી ઉલટતપાસ ધ્વારા પડકારવામાં આવતાં મજકુર સાહેદે એ હકીકતનો સ્વીકાર કરી જણાવેલ છે કે એ વાત ખરી છે કે, ગુજરાત પોલીસ મેન્યુઅલ ત્રણ ભાગમા હોય છે. એ વાત ખરી છે કે, ગુજરાત

પોલીસ મેન્યુઅલમા પંચનામા તથા ચાર્જશીટ વિશે અલગ–અલગ પ્રકરણો આપેલ છે. કોઈપણ ગુન્હો બને એટલે ગુનહાવાળી જગ્યાનુ પંચનામુ કરવુ પડે કે કેમ તે અંગે પુછતા જણાવે છે કે ગુનાની ઘટના કેવી છે તે આધારે નકકી કરવામા આવતુ હોય છે. એ વાત ખરી છે કે, હાલના ગુનાના કામે તેઓએ ગુનાવાળી જગાનુ પંચનામુ કરેલ નથી. એ વાત ખરી છે કે, હાલના ગુન્હાની તપાસ પી.બી.સૈયદ સાહેબ પાસેથી તેઓને તપાસ મળેલ હોવા બાબતનો કોઈ લેખિત પત્ર આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, ફરીયાદ મળી ત્યારે ફરીયાદી પાસે ફટાકડા વેચવા અંગેનુ લાયસન્સ છે કે કેમ તે અંગેની કોઈ તપાસ કરેલ નથી. એ વાત ખરી છે કે, તપાસ દરમ્યાન ફટાકડાની દુકાને જઈને કોઈ પંચનામુ તપાસ દરમ્યાન કરેલ નથી. એ વાત ખરી છે કે, ફરીયાદી પાસેથી મેળવી લાયસન્સ બાબતનો કોઈપણ કાગળ હાલના ગુન્હાના કામે રજુ કરેલ નથી. તા.૦૩/૦૩/૨૦૧૭ ના રોજ ફરીયાદ દાખલ થયા પછી તપાસ મારી પાસે તે જ દિવસે આવેલ. એ વાત ખરી છે કે, મે મારી તપાસમા દુકાન એવુ લખેલ છે પરંતુ તે દુકાનનુ ચોકકસ સ્થળ બતાવેલ નથી. એ વાત ખરી છે કે, મે બીજા સાહેદોના પણ બે–બે વખત વિશેષ નિવેદનો લીધેલ છે. એ વાત ખરી છે કે, તપાસના કામે એમ.એલ.એ. કે એસ.ડી.એમના કોઈ નિવેદન લીધેલ નથી. એ વાત ખરી છે કે, તપાસમા પૈસા લીધેલ હોવા બાબતનુ કોઈ ચલણી નાણુ તપાસના કામે કબજે લીધેલ નથી. એ વાત ખરી છે કે, ફર્સ્ટ ગુન્હા રજી.નં.૬૫/૧૬ ના ગુન્હાની તપાસ આરોપી ઉપર ફરીયાદીના પુત્રએ હુમલો કરેલ હતો તે અંગેની તપાસ પણ મે કરેલ હતી. એ વાત ખરી છે કે, સદર ફરીયાદીના પુત્રની ફર્સ્ટ ગુ.ર.નં. ૬૫/૧૬ ના કામે ધરપકડ કરેલ. એ વાત ખરી છે કે ફટાકડાની દુકાને જઈને મે કોઈપણ તપાસ કરેલ નથી. એ વાત ખરી છે કે, ફરીયાદમા કહેવાતો બનાવ

સેવાસદનમા બનેલાનુ જણાવેલ છે તે જગ્યાનુ પણ મે કોઈ પંચનામુ કરેલ નથી.

**૯.૧૭.૧** મજકુર સાહેદે ઉપરોકત મુજબનો કરેલ સ્વીકાર ધ્યાને રાખી તેઆના પુરાવાનુ મુલ્યાંકન કરતાં તેમની તપાસમાં સ્પષ્ટરીતે બહાર આવેલ છે કે, બનાવ તા.૨૨/૨/૨૦૧૭ ના રોજ બનેલ છે. આ એક આંકડાકીય બાબત છે, ફરીયાદ તથા સાહેદો જે બનાવનું વર્ણન જણાવેલ છ તેમાં એકરાગીતામાં જણાવેલ છે કે, કલેકટર સાહેબ સેવાસદરન કરજણ ખાતે આવેલા ત્યારે બનાવ બનેલો હતો અને એ તા.૨૨/૨/૧૭ હતી. વધુમાં આ સોહદે આરોપીના તડીપાર કેસ નં.૧૨/૨૦૧૬ ની વિગતો પણ જણાવેલી છે અને આંક:૧૫ ને પણ સમર્થન આપેલ છે અને પોતે તપાસના કામે મેળવેલ તે જ નકલ હોવાનું જણાવે છે. વધુમા આ કથનોને પડકારવામાંઅ ાવેલ નથી. આમ હંગામી આંક:૧૫ વાળો દસ્તાવેજ પુરવાર થતો હોય તેને પાકો આંક ગણવામાં આવે છે. અંતત: આરોપી તળીપાર તથેલા હોવાની હકીકત પણ પુરવાર થાય છે.

**૯.૧૭.૨** વિશેષ આ સોહદની જુબાનીમાં જણાવેલ છે કે, ''*આ તપાસના કામે પોલીસ અધિ.શ્રીનાઓએ ગ્રાહક સુરક્ષા તેમજ આર.ટી.આઈ. અને સી.એમ. ઓનલાઈન અનુસંધાનમા મીસયુઝ અંગે જે માહિતી માંગેલ તેની નકલ બતાવવામા આવે છે. જેમા પોલીસ અધિ.શ્રી વડોદરા ગ્ર ામ્યની સહી તથા સિકકો છે જે અનુસંધાને તપાસના કામે કરજણ નગરપાલિકા સામાન્ય સભા ઠરાવ ૫૫(૫), તા.૧૩/૧૦/૨૦૧૬ તથા અગાઉ જણાવેલ એસ.ડી.એમ. શ્રીનો હુકમ તથા ધારાસભ્ય સતીષભાઈ મોતીભાઈ પટેલનાઓનો પત્ર મળેલ જે તપાસના કામે સામેલ રાખેલ તે જ પત્ર છે. તપાસમા ધ્યાને આવેલ કે, આરોપી મહેશભાઈ શાહનાઓએ પોતાના પત્નિ-શીલ્પાબેન મહેશભાઈ શાહનાઓને કરજણ નગરપાલિકામા ૨૦૧*

*૩ સુધી સભ્ય હોય ત્યા સુધી આરોપીશ્રીએ કોઈ આર.ટી.આઈ. મુજબ અરજી કરેલ નહી અને જેટલી પણ અરજીઓ અલગ-અલગ વિભાગમાં કરેલ હોય તે તમામ અરજીઓ સને ૨૦૧૩ થી શરૂઆત થયેલ છે. જેનુ મુખ્ય કારણ આરોપીના પત્ની શીલ્પાબેન ન.પા.ની ચુંટણીમા હારી ગયેલ અને ભીખાભાઈ ઠાકરડા જે હાલના ફરીયાદી છે તે જીતેલ જેથી ભીખાભાઈ ઠાકરડાને હેરાન કરવાના હેતુસર તેમની ફટાકડાની દુકાન બંધ થાય તે હેતુથી તેઓએ આર.ટી.આઈ. મુજબની અરજીઓ કરી સાહેદોના કહેવા પ્ર માણે રૂા.૫૫,૦૦૦/-તેમની હાજરીમા લીધેલા હોવાનુ જણાવેલ તેમજ આરોપી મહેશભાઈ અલગ અલગ ડિપાર્ટમેન્ટમા આર.ટી.આઈ. મુજબની જે અરજી કરતા અને જે અરજીમા પતાવટ થઈ જાય તેમા તેઓ પછી નિવેદન લખાવવા જતા નહી. આજ સુધી આવી કેટલી અરજીઓ છે કે જેમા તેઓએ એકવાર અરજી કર્યા બાદ જો બનાવ અને બાબત અથવા તો કોઈ ખોટી કાર્યવાહી થઈ છે તે બાબતે સત્યતા હોય તો આર.ટી.આઈ. એકટીવીસ્ટ છેક સુધી લડત આપે પરંતુ એવી કોઈ લડત દરેક અરજીઓમા આપેલ નથી. જેથી રૂા.૫૫,૦૦૦/- લીધેલાની હકિકતે મારી તપાસમા સમર્થન મળતુ હતુ અને આરોપીને તડીપાર કર્યા અંગેની અરજીઓ આર.ટી.આઈ. મુજબ સદર ફરીયાદના ફરીયાદીશ્રીએ માંગેલ હોય જેથી તેઓએ ફરી.ને ખર્ચ પેટે ચાર લાખ રૂપિયાની માંગણી કરેલ હોય અને હાજર સાહેદ ભરતભાઈ ઈશ્વરભાઈ ઠાકરડા તથા હસમુખભાઈ ચીમન ભાઈના નિવેદનોમા અને રૂા.૫૫,૦૦૦/- લીધેલાનુ વિમલભાઈ ઠાકરડા તથા મનીષભાઈ રાઠોડના નિવેદનોમા તેમની હાજરીમા રોકડા લીધેલ હોવાનુ ખુલેલુ.''* આ બાબત ધ્યાને લેતાં ફરીયાદી પોતાના અંગુત હિત માટે તથા પોતાની પત્ની ચુંટણીમાં ફરીયાદી સામે હારી જતા તેની નારાજગી રાખી ફરીયાદીને દબાણમાં લાવવા અને તેમની પાસે ધાક ધમકી આપી પૈસા કઢાવેલા હોવાની હકીકતને સબળ સમર્થન મળે છે.

આરોપી આરટીઆઈ એકટીવીસ્ટના ઓથા હેઠળ બધાને બ્લેક મેઈળલીગ કરી નાણા પાડાવાનો કારસો રચવામાં માહીર હોવાનું સાબિત થાય છે. આવી અનેક ઘટનાઓને અંજામ આપેલ હોવાનું ત.ક.અમલદારની જુાની ઉપરથી સ્પષ્ટપણે પુરવાર થાય છે. અરોપી પોતાનો અંગત સ્વાર્થ અને હેતું સીધ્ધ થઈ જાય અને નાણા મળી જાય તો લડત આપવાનું બંધ કરી દે છે અને નાણાકીય લાભ ના થાય તો લડત આપે છે આમ કાયદાકીય પ્રક્રિયાનો આરોપીઓ દુરઉપયોગ કરી લોકો પાસે ધાકધમકી આપી નાણા પડાવવાનું કાર્ય અવિરત કરતા આવેલા હોવાનું પણ સાબિત થાય છે.

(૯.૧૮) ત.ક.અમલદારે કરેલી તપાસમાં ફરીયાદીના કેસની હકીકતને સબળ સમર્થન મળે છે કારણ કે ત.ક.અમલદારે પોતાની જુબાનીમાં એવું પણ જણાવેલ છે કે, ''*આ કામે તપાસના કામે અમોએ પોલીસ અધિ.શ્રીનાઓએ ગ્રાહક સુરક્ષા તેમજ આર.ટી.આઈ. તેમજ સી.એમ. ઓનલાઈન અનુસંધાનમા મીસયુઝ અંગે જે માહિતી માંગેલ તેની નકલ બતાવવામા આવે છે. જેમા પોલીસ અધિ.શ્રી વડોદરા ગ્રામ્યની સહી તથા સિકકો છે. જે અનુસંધાને અમોને તપાસના કામે કરજણ નગરપાલિકા સામાન્ય સભા ઠરાવ ૫૫(૫),તારીખ : ૧૩.૧૦.૨૦૧૬ તથા અગાઉ જણાવેલ એસ.ડી.એમ. શ્રીનો હુકમ તથા ધારાસભ્ય સતીષભાઈ મોતીભાઈ પટેલનાઓનો પત્ર મળેલ જે અમોએ તપાસના કામે સામેલ રાખેલ તે જ પત્ર છે. અમારી તપાસમા ધ્યાને આવેલ કે, આરોપી મહેશભાઈ શાહનાઓએ પોતાના પત્નિ–શીલ્પાબેન મહેશભાઈ શાહનાઓને કરજણ નગરપાલિકામા ૨૦૧ ૩ સુધી સભ્ય હોય ત્યા સુધી આરોપીશ્રીએ કોઈ આર.ટી.આઈ. મુજબ અરજી કરેલ નહી. જેટલી પણ અરજીઓ અલગ–અલગ વિભાગમા કરેલ હોય તે તમામ અરજીઓ ૨૦૧૩ થી શરૂઆત થયેલ છે.*'' આમ તપાસ દરમ્યાન આરોપી વિવિધ અરજીઓ કરતા હોવાનું, અને કાયદાનો દુરઉપયોગ કરી

નાણા પડાવતા હોવાનું સાબીત થાવ પામેલ છે. માત્ર ફરીયાદી સાથે નહી પરંતુ તે સિવાય અનેક વ્યકીતઓ સાથે, ઘણા સમય પહેલાથી એટલે કે તેમની પત્ની ચુંટણીમાં હારી ગયા બાદથી આરોપી આ પ્રમાણે કરતા આવેલા હોવાનું પણ સાબિત થાય છે.

**(૯.૧૯)** આમ, ફરીયાદપક્ષે રજુ થયેલ ફરીયાદી તથા સાહેદોનો પુરાવો જોતાં અને વંચાણે લેતા આ કામના આરોપીએ ફરીયાદીને ખોટી રીતે ફસાવવા માટે અરજીઓ કરેલ અને તે અન્વયે આરોપીએ તે અરજીઓની પતાવટ માટે ફરીયાદી પાસેથી રકમની માંગણી કરેલ હાવાનું અને આરોપી તડીપાર થયેલ હોય નાંણાનો ખર્ચ થયેલ હોય અને તે બાબતે ફરીયાદીને જાહેર સ્થળે ધમકી આપેલ હાવાનું અને પૈસા નહી આપે તો અન્ય ખોટા કેસ જેવા કે ત્રાસવાદ કે બોમ્બ ધડાકાના કેસમાં ફસાવી દેવાની ધમકી આપેલ હોવાનું નિશંકપણે પુરવાર થાય છે. જયારે જાનથી મારી નાંખા સંબંધે સ્પષ્ટ શબ્દોના ઉચ્ચારણનો રેકર્ડ ઉપર અભાવ હોય સદર કલમ મુજબનો ગુનો સાબિત થતો ન હોવાનું ઠરાવવામાં આવે છે.

**(૯.૨૦)** વધુમાં, આ કામે રેકર્ડ જોવામાં આવે તો આરોપીએ ફરીયાદીને ભયમાં મુકવા બાબતે જાનથી મારી નાંખવાની ગુન્હાહિત ધમકીના કારણે ફરીયાદીને સતત ભયના ઓથાર નીચે જીવતા હોય કે તેમનુ રોજીંદુ કામ કરી શકે તેમ ન હતા તેવો કોઈ પુરાવો રેકર્ડ પર આવતો નથી જે માટે ૨૦૦૨ (૧)જી.એલ.એચ.(યુ.જે)૯૪, મુનસાફખાન યાસીનખાન પઠાણ વિ. ગુજરાત રાજયના ચુકાદામાં નામદાર ગુજરાત વડી અદાલતે નોંધેલ છે કે આરોપીની ધમકીના કારણે ફરીયાદી સતત ભયની ઘંટડી રણકતી હોય અને તે ધમકીના કારણે કોઈપણ સમયે ફરીયાદી રોજીંદુ કામ કરી શકે તેમ ન હોય તો આરોપીએ ભારતીય દંડ સંહિતાની કલમ:૫૦૬(૨) મુજબનો ગુનો આચરેલ છે તેમ કહી શકાય.

**(૯.૨૧)** આ તબકકે, ભારતીય પુરાવા ધારાની કલમ:૩ માં જણાવેલ રીતે પુરાવો શબ્દની વ્યાખ્યાને અનુલક્ષી ''સાબિત થયેલી'' હકીકતો જોતા પોતાની સમક્ષ રજૂ થયેલી બાબતોની વિચારણા બાબતે કોર્ટ કોઈ હકીકતનું અસ્તિત્વ છે તેમ માને કે સમજદાર વ્યકિત અમુક સંજોગોમાં હકીકત અસ્તિત્વમાં છે તેવું માને તો તે હકીકત સાબિત થયેલ ગણાય તથા ફોજદારી ન્યાયિક ઈન્સાફી કાર્યવાહીમાં સાબિતીનો ભાર ઉપરોકત જણાવેલ રીતે ફરીયાદપક્ષ ઉપર રહે છે અને ફરીયાદપક્ષે આ કામના આરોપીઓ સામેનો કેસ નિ:શંકપણે સાબિત કરવો પડે અને જો ફરીયાદપક્ષના પુરાવા માં સહેજ પણ શંકા ઉભી થાય તો તેનો લાભ આરોપીને મળે અને આરોપી તેનો બચાવ સાબિત કરવા માંગતો હોય તો તેણે વ્યાજબી શકયતાના સિધ્ધાંત મુજબ તે હકીકત સાબિત કરી શકે.

**(૯.૨૨)** આમ,ઉપરોકત સિધ્ધાંતો લક્ષમાં લેતા,હાલના કામે ફરીયાદપક્ષના સંપૂર્ણ પુરાવાનુ મુલ્યાંકન કરતા આ કામના આરોપીએ હાલની ફરીયાદમાં જણાવ્યા મુજબનુ ગુન્હાહિત કૃત્ય આચરેલ હાવાનુંનિશંકપણે સાબીત થાય છે. બનાવની તારીખ સબંધી આંકડાકીય ક્ષતિ તથા પંચનામાનો અભાવ એ બાબતો કેસના મુળમાં ઘા કરતી નથી. ફરીયાદનું અને બનાવનું હાર્દ જળવાઈ રહે છે. આ કેસમાં એવી કોઈ મહત્વની વિસંગતતાઓ નથી કે જે કેસના મુળમાં પ્રહાર કરતી હોય.

**(૯.૨૩)** રેકર્ડ ઉપર આવેલા પુરાવા ઉપરથી બનાની સત્યતા અને સાત્યતા જળવાય છે, કડીબધ્ધ પુરાવો કે જેના વડે આરોપી વિરુધ્ધનું અનુમાન કરી શકાય તે રેકર્ડ ઉપર આવેલ હોય અને ફરીયાદ અન્વયે રેકર્ડ ઉપર આવેલ પુરાવામાંથી મહત્વની બાબતે સુસંગતતા અને એકરાગીતા જળવાઈ રહે છે. સ્વતંત્ર સાહેદોના પુરાવા તથા પોલીસ અધિકારીના પુરાવા પણ ફરીયાદીસના કેસને સબળ અને મુળથી સમર્થન કરે છે. આમ ફરીયાદવાળા

ગુન્હાના કામે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેટલા વ્યાજબી અને પુરતા પુરાવા છે.

આમ અંતત: ફરીયાદ પક્ષ મુદ્દા નં.૧ મુજબ આરોપીએ ફરીયાદમાં જણાવેલ સ્થળે, સમયે અને તારીખના રોજ મોજે:કરજણ, નવા બજાર ટાઉન ખાતે ફરીયાદી શ્રીજી ક્રેકર્સ ફટાકડાની દુકાન ચલાવતા હોય જે ઓથા હેઠળ આરોપી એ ફરીયાદીને ખોટી રીતે ફસાવવા અરજીઓ કરેલ જેની પતાવટ કરવી હોય તો તે પેટે ફરીયાદી પાસે રૂા.૫૫,૦૦૦/– બળજબરીથી કઢાવી લઈ તેમજ આરોપી વિરૂધ્ધ તડીપારની દરખાસ્ત થયેલ હોય અને આરોપીએ આર.ટી.આઈ.ની નકલો મેળવતા ફરીયાદીની કરેલ અરજીના કારણે તડીપાર થયેલ છે તેઓ વહેમ રાખી ચાર લાખનો ખર્ચ થયેલ છે તે આપી દે તેમ કહી આરોપીએ ફરીયાદીને આતંકવાદી પ્રવૃતિમાં ફરીયાદીને ફસાવી દેવાની ધમકી આપી ગુનો કરી ભારતીય દંડ સંહિતાની કલમ: ૩૮૯ તથા ૩૮૪ મુજબનો ગુનો આચરેલ હોવાનું નિશંકપણે પુરવાર થતું હોય મુદ્દા નં.૧ નો જવાબ ''અંશત: હકારમાં'' આપી મુદ્દા નં. ૨ પરત્વે આખરી હુકમ કરતા પહેલા સદર ગુનો વોરંટ ટ્રાયેબલ હોય સીઆર.પી.સી.ક.૨૪૮(૨) અન્વયે સજા કરતા પહેલા આરોપીને સજા અંગે સાંભળવાના રહેતા હોય, સજા અંગે સાંભળવા મુલતવી.

| | |
|---|---|
| **તારીખ : ૨૦/૦૬/૨૦૨૬.**<br>**સ્થળ : કરજણ** | **પ્રદીપકુમાર વસંતલાલ ધીમર**<br>**અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,**<br>**કરજણ**<br>**જજકોડ: જીજે૦૧૪૮૮** |

**:: <u>સજા અંગે હુકમ</u> ::**

**(૯.૨૪)** સદર કામે આરોપી પક્ષને સજા અંગે સાંભળતા રજુઆત કરતા જણાવેલ છે કે,સમગ્રપરીવારના ભરણપોષણની જવાબદારી આરોપી ઉપર છે આરોપી જેલમાં રહે તો પરિવારને ભુખે મરવાનો વારો તેમ છે.આરોપી વયો વૃધ્ધ ઈસમ છે શુગર અને હાઈ બી.પી.ના પેશન્ટ છે.ગુજરાત સરકારના નિવૃત કર્મચારી છે.ઓછામાં ઓછી સજા કરવા જણાવેલ છે.

**(૯.૨૫)** સદર કામે સરકાર પક્ષને સજા અંગે સાંભળતા એ.પી.પી.શ્રી કુ. જે. જી.મલેકે રજુઆત કરતા જણાવેલ છે કે,ઈ.પી.કો.કલમ ૩૮૪ તથા ૩૮૯ મુજબ પુરેપુરુ સજા અને દંડ કરવો જોઈએ સમાજમાં દાખલો બેસે તે માટે સજા પણ થવી જરૂરી છે.સમાજમાં ફરી વાર આવુ કૃત્ય કોઈ ન કરે તે માટે પણ સજા કરવી જરૂરી છે.કાયદો બધા માટે સમાન છે.જેથી ઉમરનો બાધ ન નડે .કાયદા મુજબની સંપૂર્ણ સજા કરવા દલીલ કરેલ છે.

**(૯.૨૬)** હવે જોવામાં આવે તો અત્રેની અદાલત ઈ.પી.કો.કલમ : ૩૮૪ તથા ૩૮૯ પુરતો ગુન્હો નિ:શંકપણે સાબિત થયેલ હોવાના તારણ ઉપર આવેલ છે.આ કલમોની સજાની જોગવાઈ જોવામાં આવે તો ઈ.પી.કો.કલમ : ૩૮૪ માં ત્રણ વર્ષ સુધીની કેદ અથવા દંડ અથવા બંને એમ કરવામાં આવેલ છે તેમજ ઈ.પી.કો.કલમ : ૩૮૯ માં દસ વર્ષ સુધીની કેદ અને દંડ એમ કરવામાં આવેલ છે.હાલના કેસમાં જોવામાં આવે તો આરોપી સિનીયર સીટીઝન હોવાની હકીકત નિવિસ્વાદ છે જેથી સરકાર પક્ષની દલીલ મુજબ મહત્તમ સજા કરવી ન્યાયોચિત જણાતી નથી.આ તબકકે બં ને પક્ષે કરવામાં આવેલ દલીલો તથા સજાની જોગવાઈ વચ્ચે તેમજ આરોપીની ઉંમર તથા જવાબદારી તેમજ ગુન્હાની ગંભીરતા લક્ષમાં લઈ તમામ પરીબળો વચ્ચે સંતુલન સાધતો હુકમ કરવો ન્યાયોચિત જણાય આવે છે.

**(૯.૨૭)** આ તબકકે સી.આર.પી.સી.ની કલમ : ૩૬૦ ધ્યાને લેવાની રહે છે. જે મુજબ આરોપીની વય,ચાલ લગત,પૂર્વ હકીકત, ગુન્હા સમયના સંજોગો લક્ષમાં લેતા માત્ર સારી વર્તણુક ની અજમાયશ પર મુકત કરવો ન્યાયોચિત જણાતુ નથી કારણ કે આરોપી અરજીઓ કરી નાંણા પડાવવા ટેવાયેલા હોવાનુ સાબિત થયેલ છે. કાયદાની પ્રક્રિયાનો ઉપયોગ નાંણા પડાવી આર્થિક ઉપર્જન કરવા આરોપી ટેવાયેલા છે.જે બાબતને સહાજતા થી લઈ શકાય તેમ નથી.વધુમાં,આરોપી નિવૃત સરકારી કર્મચારી છે પોતાની સમજ તર્કશકિત અને બુધ્ધિનો દુરઉપયોગ કરી કાયદાની પ્રક્રિયા નો ગેરલાભ ઉઠાવેલ છે જે બાબત યોગ્ય નથી.હાલના ફરીયાદી જેટલા ઘણા ઈસમોને આ રીતે આર.ટી.આઈ.એકટીવીસ્ટના ઓથા હેઠળ હેરાન પરેશાન કરી નાંણા પડાવતા આવેલા છે જે પૈકી એક જ ફરીયાદી ન્યાય મેળવવા માટે ન્યાયાલય સુધી આવેલ છે.સદર પરીબળ પણ ધ્યાને લેવુ અનિવાર્ય છે.આમ, આરોપીને પ્રોબશનનો લાભ આપવો ઈષ્ટ જણાતુ નથી.

આમ, ઉપરોકત તમામ પરીબળો વચ્ચે સંતુલન સાધતો ન્યાયોચિત હુકમ કરવો અનિવાર્ય જણાય આવતો હોય મુદૃા નં.૨ અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**// આખરી હુકમ //**

**૧.** આ કામના આરોપી મહેશ કુમાર રમણલાલ શાહ,ઉ.વ. ૬૧. રહે.૧૪, શાંતિનાથ સોસાયટી, નવા બજાર, કરજણ, તા.કરજણ, જિ.વડોદરા ને ઈ.પી.કો.ની કલમ : ૩૮૪ અન્વયે તકસીરવાન ઠરાવી સી.આર.પી.સી. ની કલમ : ૨૪૮(૨) અન્વયે એક વર્ષની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે તેમજ ઈ.પી.કો. કલમ : ૩૮૯ અન્વયે તકસીરવાન ઠરાવી સી.આર.પી.સી.ની કલમ : ૨૪૮(૨) અન્વયે ત્રણ વર્ષની સાદી કેદની સજા તથા

રૂ.૨૦,૦૦૦/– (અંકે રૂપીયા વીસ હજાર પુરા) દંડનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો વધુ એક માસ (દિન–૩૦) ની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે. જયારે ઈ.પી.કો.કલમ : ૫૦૬(૨) હેઠળના ગુનામાં પુરાવાન અભાવે છોડીમુકવાનો હકુમ કરવામાં આવે છે.

**૨.** ઉકત દંડની રકમ રૂ.૨૦,૦૦૦/–(અંકે રૂપીયા વીસ હજાર ) માં થી સી.આર.પી.સી.ની કલમ : ૩૫૭ મુજબ રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપીયા દસ હજાર પુરા) ભોગ બનનાર ફરીયાદી ભીખાભાઈ બલદેવભાઈ ઠાકરડાને વળતર તરીકે ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

**૩.** વધુમાં આ કામ આરોપીએ કાચા કામના કેદી તરીકે જેટલા દિવસની જેલ ભોગવેલ હોય તેટલો સમય સી.આર.પી.સી.ની કલમ : ૪૨૮ હેઠળ મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.

**૪.** ઉપરોકત બંને સજા આરોપીએ એક સાથે ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**૫.** આરોપીને સી.આર.પી.સી.ની કલમ : ૩૬૩ મુજબ જજમેન્ટની એક નકલ તુરંત વિના મુલ્યે પુરી પાડવાનો હુકમ કરવામાં આવે છે.

**આજરોજ હુકમ તારીખ :૨૦ મી, માહે: જૂન, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

| | |
|---|---|
| **તારીખ : ૨૦/૦૬/૨૦૨૬.** | **(પ્રદીપકુમાર વસંતલાલ ધીમર)** |
| **સ્થળ : કરજણ** | **અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,**<br>**કરજણ**<br>**CODE NO. GJ** 01488. |

(વિપુલ શાહ).